

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજમાં વિવિધ વિસ્તારો બજાર સહિત સંવેદનશીલ વિસ્તારમાં ફ્લેગ માર્ગ યોજાઈ હતી. સાબરકાંઠા જિલ્લા સહિત પ્રાંતિજ ખાતે આવેલ સંવેદનશીલ વિસ્તારોમાં સ્થાનિક પોલિસ તથા જવાનો દ્વારા ફગેલ માર્ચ યોજાઈ હતી અને પ્રાંતિજ પોલિસ સ્ટેશન થી નિકળી પ્રાંતિજ ના વિવિધ વિસ્તારોમાં ફ્લેગ માર્ચ કરવામાં આવ્યું હતું જેમાં પ્રાંતિજ પોલીસ સ્ટેશન થી નાનીભાગોળ, ભોઈવાસ, બજાર ચોક સહિત ના વિસ્તારો મા ફલેગ માર્ચ યોજાયું હતું તો પ્રાંતિજ પીએસાઈ એ.જે.ચાવડા તથા પ્રાંતિજ પીએસાઇ વાઈ.બી.બારોટ સહિત આરએએફ અધિકારી સહિત પ્રાંતિજ પોલિસ જવાન તથા આરએએફ ના જવાનો દ્વારા ફલેગ માર્ચ યોજાઈ હતી .

## હિંમતનગરના સ્વામિનારાયણ મંદિરમાં જિલ્લાના એગ્રો એજન્સી ડીલર્સની એક દિવસીય તાલિમ શિબિર

બાયડ તા.૨૩

સાબરકાંઠાના ખેતીવાડી ગુણવત્તા નિયંત્રણ વિભાગ દ્વારા સ્વામિનારાયણ મંદિર કાંકણોલ હિંમતનગર ખાતે એક દિવસીય કાર્ય શિબિર યોજાઈ. જેમાં સાબરકાંઠાના તલોદ, પ્રાંતિજ અને હિંમતનગર તાલુકાના એગ્રો એજન્સી ડીલર્સને તાલીમ આપવામાં આવી હતી.જિલ્લાના ખેડૂતોને ગુણવત્તાયુક્ત બિયારણ અને ખાતર મળી રહે તે હેતુથી જીલ્લાના ખેતીવાડી ગુણવત્તા નિયંત્રણ વિભાગ દ્વારા આ એક દિવસીય કાર્ય શિબિર યોજાઈ જેમાં બિયારણ ખાતર અને જંતુનાશક દવાઓના વિક્રેતાઓને ધ્યાનમાં રાખવાની બાબતો તેમજ તેના કાયદાઓ અંગે વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી.



આ પ્રસંગે સંયુક્ત ખેતી નિયામકશ્રી (વિ) મહેસાણાના શ્રી જે.બી ઉપાધ્યાયે વિક્રેતાઓને સંબોધતાં જણાવ્યું હતું કે, વિક્રેતાઓ સાવચેતી રાખી ખેડૂતોને સારું અને ગુણવત્તાયુક્ત બિયારણ ખાતર અને જંતુનાશક દવાઓ પહોંચાડે તો આપણા ખેડૂતો સારું ખેત ઉત્પાદન કરી શકે તેમજ આપણા દેશના વિકાસમાં સહભાગી બની શકે. આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીનું ખેડૂતોને સમૃધ્ધ બનાવવાનું સ્વપ્ર છે જે આપ વિક્રેતાઓ પૂર્ણ કરવામાં મદદરૂપ બની દેશના વિકાસમાં મદદરૂપ બનશો.

આ પ્રસંગે નાયબ ખેતી નિયામકશ્રી પી.બી. ખિસ્તરીયા દ્વારા ગુણવત્તા નિયંત્રણ સંદર્ભે એગ્રો ઈનપુટ ડીલર્સેને કાયદાકિય જાણકારી આપી ડિલર્સે આ અંગે કઈ કઈ બાબતોની કાળજી રાખવી તે અંગે વિસ્તૃત જાણકારી આપી હતી. પ્રાંતિજ ખેતીવાડી અધિકારીશ્રી સી.વી.દેસાઈ એ રાસાયણિક ખાતર નિયંત્રણ હુકમ ૧૯૮૫ અંતર્ગત માર્ગદર્શન આપ્યુ હતું. તેમજ હિંમતનગર ખેતીવાડી અધિકાર શ્રી ગઢવી દ્વારા જંતુનાશક દવા અધિનિયમ ૧૯૬૮ અંગે જાણકારી આપવામાં આવી હતી. આ સાથે મદદનીશ ખેતી નિયામક હિંમતનગર શ્રી એચ. આર. પટેલ દ્વારા બિયારણ અધિનિયમ ૧૯૬૬ અંતર્ગત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સાબરકાંઠા એગ્રો ઈનપુટ ડીલર્સ એસોસીએશનના પ્રમુખશ્રી વિરમભાઈ પટેલે કાર્યક્રમ અંગેના પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા



સાથે વિક્રેતાઓને અધિકારીઓ દ્વારા આપવામાં આવેલ માર્ગદર્શન મુજબ ખાસ કાળજી રાખી ખેડૂતોને મદદરૂપ થવા અપીલ કરવામાં હતી. આ કાર્યક્રમમા પ્રાંતિજ તાલુકા એગ્રો ઈનપુટ ડીલર્સ એસોસિએશનના પ્રમુખ ઈશ્વરભાઈ પટેલ, જિલ્લા કૃભકો ઈન્ચાર્જ જયદીપભાઇ તેમજ મોટી સંખ્યામાં વિક્રેતાઓ હાજર રહી આ કાર્ય શિબિરને સફળ બનાવી હતી.આ કાર્યકર્મમાં કોરોનામાં મૃત્યુ પામેલા નાગરિકોને શ્રધ્ધાંજલી આપવામાં આવી હતી

## શિક્ષણના ડંકા વાગ્યા : બાયડ હાઈસ્કુલની છાત્રા ગુજકેટમાં જિલ્લામાં પ્રથમ...

### કેળવણીકારોએ આપ્યા અભિનંદન

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩

બાયડ હાઈસ્કુલની ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની છાત્રા કુ.હેપ્પી નવનીતભાઈ પટેલે ૧૨૦ માંથી ૧૧૫.૨૫ ગુણ મેળવી ગુજકેટમાં સમગ્ર અરવલ્લી જિલ્લામાં પ્રથમ સ્થાને આવી બાયડને શિક્ષણક્ષેત્રે ઐતિહાસિક મહત્વ અપાવ્યું છે. ફરી એકવાર બાયડના શિક્ષણના ડંકા સમગ્ર જિલ્લામાં ગાજ્યા છે.

અમદાવાદ, વડોદરા સહિતના શહેરી વિસ્તારોમાં સંતાનને અભ્યાસ માટે મૂકીએ તો જ મેડીકલમાં કે સારી ઈજનેરી કોલેજમાં પ્રવેશ મળે તેવી માન્યતાઓમાં આજે પણ અનેક પરિવારો આર્થિક રીતે બરબાદ થઈ રહ્યા છે. કેટલીકવાર દેખાદેખીમાં પણ અનેક વાલીઓ વધુ ખેંચાઈ જતા હોય છે. બાયડની એન. એચ. શાહ હાઈસ્કુલ, તક્ષશિલા વિદ્યાલય સહિતના શૈક્ષણિક સંકુલોમાં રાજ્યના મોટા શહેરોમાં મળતા શિક્ષણ કરતાં પણ સવાયું શિક્ષણ મળતું હોય છે પરંતુ વાલીઓની મેટ્રો શહેર



તરફની આંધળી દોટમાં પરિણામ આવ્યા પછી ઘરમાં મોંઢું સંતાડીને રોવા જેવી સ્થિતિ પેદા થતી હોય છે પરંતુ સ્થાનિક કર્મયોગી શિક્ષકોની કદર થતી નથી. બાયડ હાઈસ્કુલમાં કોરોનાના કારણે આ વખતે વિદ્યાર્થીઓને ગુજકેટનું યોગ્ય રીતે કોચિંગ પણ આપવામાં આવ્યું ન હતું પરંતુ વિજ્ઞાન પ્રવાહના શિક્ષકોએ છાત્રોને જ્યાં મૂંઝવણ હોય ત્યાં ટેલિફોનિક માર્ગદર્શન આપતા રહ્યા અને યોજાયેલી ગુજકેટ પરીક્ષામાં નોંધપાત્ર દેખાવની આશા હતી. ગઈકાલે ગુજકેટનું પરિણામ જાહેર થયું જેમાં બાયડ હાઈસ્કુલની છાત્રાએ સમગ્ર જિલ્લામાં બાયડ તાલુકાને ગૌરવ અપાવતાં શૈક્ષણિક સંકુલોમાં ખુશાલી છવાઈ છે. બાયડ કેળવણી મંડળના ચેરમેન મોતીભાઈ પટેલ, મંત્રી વિનુભાઈ જે. પટેલ, આચાર્ય સુનિલભાઈ પટેલ, સુપરવાઈઝર વિનુભાઈ પટેલ તથા ટ્રસ્ટીઓ અને શાળા સ્ટાફે કુ.હેપ્પી પટેલને અભિનંદન આપી ઉજ્જવળ કારકીર્દી માટે સુભાશિષ પાઠવ્યા છે.

## અરવલ્લી જિલ્લામાં વાંસળી, તબલા અને હાર્મોનિયમ (હળવું) સ્પર્ધાનું આયોજન

### જિલ્લાકક્ષાની સ્પર્ધા ૨૭ ઓગસ્ટથી તા.૧૫ સપ્ટેમ્બરે યોજાશે

બાયડ તા.૨૩

મુખ્યમંત્રીશ્રી દ્વારા તા.૦૧/૧૦/૨૦૨૦ ના રોજ ગુજરાતના યુવાધનને યોગ તથા શારીરીક સશક્ત બનાવવાના હેતુથી વર્તમાન મોબાઈલ ટેકનોલોજીના વપરાશ સાથેના અભિગમથી “મોબાઈલ ટુ સ્પોર્ટ્સ” ના અભિયાનની નવતર પહેલ કરી છે. હાલના કોરોના (કોવિડ-૧૯) ની મહામારીના વિષમ સંજોગોમા ફેસબુક,વોટ્સએપ,ઈન્સ્ટાગ્રામ તથા વિડીયો ગેઈમ્સ જેવી પ્રવુતિઓમાં અત્યંત કિમતી સમય વેડફતા યુવાધનની હકારાત્મક રીતે ક્રીયાશીલ કરવા રમતગમતની પ્રવુતિઓ તરફ આકર્શીત કરવા એ સમયની તાતી જરુરીયાત છે. યુવાધનનો શારીરીક અને માનસીક વિકાસ થાય ઉત્તમ રીતે થાય તે હેતુથી સરકારશ્રી વર્ષ ૨૦૨૦/૨૧ દરમ્યાન “મોબાઈલ ટુ સ્પોર્ટ્સ“ ની નવી યોજના મંજુર કરેલ છે આ યોજનાનું મોબાઈલ ટુ સ્પોર્ટ્સ ફેસબુક પેજ,યુ-ટ્યુબ ચેનલ,રેડીયો કવીઝ,ચીત્ર સ્પર્ધા,ટેલીવીઝન તેમજ સોશીયલ મીડીયા સબંધીત માધ્યમો દ્વારા ખ્યાતનામ ખેલાડીઓની વિગતો,ઓડીયો/વિડીયો ક્લીપ રજુ કરી યુવાનોને રમતગમતની પ્રવુતિઓ માટે પ્રેરણાસહ આકર્ષીત કરવામાં આવશે.

આ હેતુને સુચારૂ પાર પાડવા રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવુતિઓ વિભાગ હસ્તકની કમિશ્નરશ્રી,યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવુતિઓની કચેરી,ગાંધીનગર તથા જિલ્લા રમતગમત અધિકારીની કચેરી,અરવલ્લી દ્વારા સંયુક્ત રીતે “વાદન ( (૧) વાંસળી (૨) તબલા (૩) હાર્મોનિયમ (હળવુ) સ્પર્ધા”) નું આયોજન કરેલ છે. જેમાં જુદાજુદા વયજુથ પ્રમાણે કલાકારો ભાગ લઈ શકશે. જેમાં ૬ થી ૧૪ વર્ષ સુધીના,૧૫ થી ૨૦ વર્ષ સુધીના,૨૧ થી ૫૯ વર્ષ સુધીના તેમજ ૬૦ વર્ષથી ઉપરના ઓપન વયજુથમાં ભાગ લઈ શકશે.ઉક્ત સ્પર્ધાની વિડીયો ક્લીપ તૈયાર કરી તા.૧૫/૦૯/૨૦૨૧ બપોર કલાક.૧૨:૦૦ વાગ્યા સુધીમાં જિલ્લા રમતગમત અધિકારીશ્રીની કચેરી અરવલ્લી,બ્લોક નં.એ. એસ.૧૪ બીજો માળ, જિલ્લા સેવા સદન,શામળાજી રોડ,મોડાસા. અરવલ્લી પીન. ૩૮૩૩૧૫ E-MailIDdsoaravalli05@gmail.com તથા મો.નંબર (૧) ૯૪૨૯૧૭૮૫૪૬ (૨) ૮૭૮૦૮૫૧૬૮૦ અને (૩) ૯૪૦૮૪૭૩૭૩૯ પરતા.૧૫/૦૯/૨૦૨૧ સુધી મોકલવાનું રહેશે.

જિલ્લાકક્ષાની સ્પર્ધામાં પ્રથમ વિજેતાને રૂ.૧૦૦૦/-,દ્રીતીય વિજેતા ને રૂ.૭૫૦/- તેમજ તૃતિય વિજેતાને રૂ.૫૦૦/- નું ઈનામ આપવામાં આવશે જયારે રાજ્યકક્ષાની સ્પર્ધામાંથી ૧૦ વિજેતા કલાકારોની પસંદગી થશે. તેઓ પૈકી પ્રથમ વિજેતાને રૂ.૨૫૦૦૦/- દ્રીતિય વિજેતાને રૂ.૧૫૦૦૦/- અને તૃતિય વિજેતાને રૂ.૧૦૦૦૦/- એમ ત્રણ ઈનામો અને બાકીના અન્ય સાત વિજેતાઓને રૂ.૫૦૦૦/- (પ્રત્યેકને) મુજબ આશ્વાસન ઈનામો આપવામાં આવશે.

આ અંગેની વધુ માહીતી “મોબાઈલ ટુ સ્પોર્ટ્સ” યોજના અંતર્ગત ફેસબુક પેજ https://www.facebook.com/mobile2sports તેમજયુટ્યુબચેનલનીલિંક http://www.youtube.com/channel/UCzsjROvtHpN4rkensUaz-g પરથી મળી શકશે.

“વાદન વાંસળી, તબલા અને હાર્મોનિયમ (હળવુ)”) ની જિલ્લાકક્ષાની સ્પર્ધામાં સ્પર્ધકે પોતાનું નામ, સરનામુ, મોબાઈલ નંબર, ઈ-મેઈલ આઈડી,સ્કુલનું નામ અને સરનામું વગેરે બાબતોનો વિડીયો ક્લીપમાં ઉલ્લેખ કરવાનો રહેશે. તથા વિડીયો ક્લિપ સાથે આધારકાર્ડ,ચુંટણીકાર્ડ,ડ્રાઈવિંગ લાઈસન્સ તથા પાસબુકના પ્રથમ પાનાની ઝેરોક્ષ અત્રેની કચેરીએ મોકલવાની રહેશે, વાંસળી, તબલાનો સમય ૦૭ મિનીટ અને હાર્મોનિયમ (હળવુ)”) નો સમય ૬ મિનીટ રાખવામાં આવેલ છે. દરેક સ્પર્ધામાં એક (૧) સહાયક લઈ શકાશે એમ જિલ્લા રમત ગમત અધિકારી અરવલ્લીની એક અખબારી યાદી દ્વારા જણાવાયુ છે.

## જન્મદિને વધામણી



હની સુનિલગીરી ગોસ્વામી
ઉદેપુર, તા.ધનસુરા



હર્ષ અમૃતભાઈ તીરગર
રૂપનગર, તા.બાયડ



આરાધ્યા આશિષકુમાર દરજી
સાઠંબા, તા.બાયડ



જેનિલ રોહીતકુમાર દરજી
બાયડ, જિ.અરવલ્લી



જીગર એ. પટેલ
(દેવભૂમિ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



પ્રેમ ચૌધરી
રમોસ, તા.બાયડ



જયેશભાઈ એ. પ્રજાપતિ
(પ્રા.શિક્ષક)
(સ્વામિનારાયણ સોસાયટી)
બાયડ (ગાબટ)



ધ્રુવ જીતેન્દ્રભાઈ ચૌધરી
બાયડ,
જિ.અરવલ્લી



ચંદ્રેશભાઈ કે. પટેલ
(બિલ્ડર) (દેવભૂમિ સોસાયટી)
બાયડ (રડોદરા)



ઘરમાં રહો,
સુરક્ષિત રહો

## સાબરકાંઠામાં તળાવો અને જળાશયોમાં નર્મદાનાં નીર ભરવા રૂ.૧૭૧ કરોડની યોજનાની કાર્યવાહી હાથ ધરાઈ

### હિંમતનગર, તલોદ અને પ્રાંતિજ ત્રણ તાલુકાના ૪ મોટા જળાશયો અને ૧૬ તળાવો ભરાશેઃ ૩૦૦૦ હેક્ટરથી વધુ જમીનને પિયતનો લાભ મળશે : ધરતીપુત્રોમાં આનંદની લાગણી

ગાંભોઈ, તા.૨૩

સુજલામ સુફલામ અંતર્ગત



દહેગામ પાસે પસાર થતી નર્મદા મુખ્ય નહેરમાં માંથી પાઈપ લાઈન નાખી સાબરકાંઠા જિલ્લાના ૪ જળાશયો અને ૧૬ તળાવો ભરવાની રાજ્ય સરકાર દ્વારા રૂ.૧૭૧ કરોડની યોજનાની સૈદ્ધાંતિક વહીવટી મંજૂરી આપતા યોજનાના આયોજનની કામગીરી હાથ ધરાતાં જિલ્લાના ખેડૂત વર્ગમાં આનંદની લાગણી પ્રસરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ દહેગામ પાસે પસાર થતી નર્મદા નહેરમાંથી સુજલામ સુફલામ સ્પ્રેડિંગ નર્મદા કેનાલ જલુન્દ્રા-માધવગઢ સુધી પાઈપલાઈન નાંખવામાં આવી છે. આ પાઈપલાઈનને આગળ લંબાવીને સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના ટીંબા તળાવ અને ગોરડીયા ડેમ તેમજ હિંમતનગર તાલુકાના ગાંભોઈ પંથકના કાંજણ ડેમ થઈ રાયગઢ પ્રતાપસાગર તળાવ સુધી લાવીને ગ્રામ્ય વિસ્તારોના તળાવોમાં નર્મદાના નીર ભરવા અંગે જિલ્લાના ખેડૂતોએ અને ભાજપા જીલ્લા મહામંત્રી મહેન્દ્રસિંહ રહેવરે અગાઉ કરેલી રજૂઆત બાદ સ્થાનિક ધારાસભ્યશ્રી રાજેન્દ્રસિંહજી ચાવડાના અથાગ પ્રયત્નો થકી જિલ્લાના ખેડૂતોની જીવાદોરી સમાન આ માગણીની સરકારે મંજૂરીની મહોર માર્યા બાદ યોજનાની જરૂરી કાર્યવાહી શરૂ થતાં જિલ્લાના ધરતીપુત્રોમાં આનંદનો મોજુ ફરી વળ્યું છે. આ અંગે જિલ્લા ભાજપા મહામંત્રી અને માજી.જિલ્લા સદસ્યશ્રી મહેન્દ્રસિંહ રહેવરે જણાવેલ કે સુજલામ સુફલામ યોજના અંતર્ગત આ નર્મદા પાઈપલાઈન યોજના હેઠળ જિલ્લાના તલોદ, પ્રાંતિજ તેમજ હિંમતનગર તાલુકા પૂર્વ પટ્ટાના તળાવો અને મોટા જળાશયોમાં નર્મદાના નીર ભરવાની પાઈપલાઈન પ્રોજેક્ટ હેઠળ જિલ્લાની ૩૦૦૦ હજારથી વધુ હેક્ટર ખેતીની જમીન માટે સિંચાઈની સુવિધાનો લાભ મળશે. આ યોજના કાર્યરત થતા ગ્રામ્ય વિસ્તારના અન્ય તળાવો પણ ભરવામાં આવશે. જિલ્લામાં કેનાલની સિંચાઈની સુવિધાથી વંચિત અને અવકાશી આધારિત ખેતી કરતા ગ્રામ્ય ખેડૂતોને મોટો લાભ થશે તેમજ આ વિસ્તારના જળાશયો અને તળાવો ભરાતા આસપાસ વિસ્તારના ખેતી સીમાડા જમીનમાં ખેડૂતોના બોર અને કૂવાના પાણીના તળ ઊંચા આવશે. ખેડૂતવર્ગ માટે આ યોજના લાંબાગાળે લાભદાયી નીવડશે.

**કયા કયા મોટા જળાશયો ભરવામાં આવશે...**

- ટીંબાતળાવ હરસોલ, તા.તલોદ.
- ગોરડીયા ડેમ ટકાર, તા.તલોદ.
- કાંજણ ડેમ હાથરોલ, તા.હિંમતનગર.
- પ્રતાપસાગર ટેક રાયગઢ, તા.હિંમતનગર.

**૩૬ કિ.મી.પાઈપલાઈન અને બે પમ્પિંગ સ્ટેશન...**

તલોદ તાલુકાના માધવગઢ અને હિંમતનગર તાલુકાના રાયગઢ સુધી ૩૬.૬૨ કિ.મી.ની લંબાઈની એમ.એસ.પાઈપ લાઈન નાખવામાં આવશે તથા માધવગઢ અને રૂપાલ ખાતે બે પમ્પિંગ સ્ટેશન બનાવાશે. આ યોજનાથી ૪ મુખ્ય જળાશયો તથા પાઈપ લાઈનની આસપાસ બે કિ.મી.ની નર્મદામાં આવતા ૧૬ તળાવો ભરવાનું પ્રાથમિક આયોજન કરાયું છે.

**સીમ- ગામ તળાવો...**

- દાદરડા, તા.તલોદ :- બે તળાવ,
- લવારી, તા.તલોદ :- ત્રણ તળાવ.
- વજાપુર, તા.પ્રાંતિજ :- બે તળાવ.
- હડમતીયા, તા.પ્રાંતિજ :- એક તળાવ.
- તખતગઢ, તા.પ્રાંતિજ :- ત્રણ તળાવ.
- મોહનપુર, તા.તલોદ :- એક તળાવ.
- રૂપાલ, તા.હિંમતનગર :- બે તળાવ.
- ભાવપુર, તા.હિંમતનગર :- બે તળાવ.



## ધનસુરાના નવી શિણોલ ગામનું ગૌરવ

ધનસુરા, તા. ૨૩

ધનસુરા તાલુકાના નવી શિણોલ ગામના ધ્રુમિલકુમાર મુકેશભાઈ પટેલ એ ગુજકેટ ની પરીક્ષામાં ૯૯.૬૨ પર્સન્ટાઈલ રેક્ર મેળવી હતી ધ્રુમિલ પટેલ એ ગુજકેટની પરીક્ષામાં ૧૨૦ માંથી ૧૦૯.૭૫ માર્ક મેળવી નવી શિણોલ તથા કે.એન.શાહ હાઈસ્કૂલ અને આંજણા પટેલ સમાજ નું ગૌરવ વધાર્યું હતું ધોરણ ૧૨ પછી ડીગ્રી એન્જીનીયરીંગ અને ડિપ્લોમા ફાર્મસી ના પ્રવેશ માટે મહત્વની ગણાતી ગુજકેટની પરીક્ષામાં ધ્રુમિલ પટેલે ૯૯.૬૨ પર્સન્ટાઈલ રેક્ર મેળવી હતી જેને લઈ મોડાસા કેળવણી મંડળના પ્રમુખ બિપિનભાઈ શાહ તેમજ મોડાસા કે.એન.શાહ ના આચાર્ય મનીષભાઈ જોષી અને સ્ટાફ એ અભિનંદન પાઠવ્યા હતા



## પ્રાંતિજ તાલુકાના બોભામાં વાજતે ગાજતે ડીજેના તાલે રણુજા જતા સંઘને વિદાય

પ્રાંતિજ તા.૨૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના બોભા ગામેથી ડીજેના તાલે રણુજા જતા સંઘને ગામજનો દ્વારા અબીલ ગુલાલ ની સોરો વચ્ચે કુમ કુમ તિલક કરી પગપાળા નિકળેલ સંઘ ને શુભેચ્છાઓ પાઠવી હતી. પ્રાંતિજ ના બોભાથી રણુજા જતા પગપાળા સંઘને ગામજનો દ્વારા વાજતે ગાજતે વિદાય આપી હતી તો આ સંઘ ૧૭૯૭ અવિરથ છે તો આ વખતે સંઘ માં ૯૦ લોકો જોડાયા છે જેવો ૭૦૦ કિમિ નું અંતર કાપી બાર બીજના ઘણીના ઘામેં પહોંચી દર્શન કરી નેજા ચઢાવી ધન્યતા અનુભવ છે જેમાં આસંઘ ના ભોજન ના દાંતા ભાવેશ પટેલ એ તમામ ખર્ચ પોતાના શિરે લીધો છે.

